ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૯.૮ ડીગ્રી
લઘુતમ : ૧૯.૭ ડીગ્રી
ભેજ
સવારે ૪૩ ટકા ● સાંજે ૨૧ ટકા

# શહેરના બજારમાં રંગપર્વના રંગો છલકાયા

## કલર, પિચકારી સહિત હોળી-ધૂળેટીની ચીજવસ્તુઓની ખરીદી વધી : મેઘધનુષ્ય રૂપી ધૂળેટીના કલર આકર્ષણનું કેન્દ્ર બન્યા



### રંગોમાં નાંખવામાં આવતા રસાયણો

- કાળા રંગ માટે લેડ ઓક્સાઈડનો ઉપયોગ થાય છે. જે કિડની માટે બહુ નુકસાનકારક હોય છે.
- લીલા રંગમાં કોપર સલ્ફેટ જેવા પદાર્થો ઉમેરાય છે. જેનાથી આંખોમાં એલર્જી, સોજો થવાનું જોખમ રહે છે.
- લાલ રંગને મરક્યુરી સલ્ફાઈટમાંથી બનાવવામાં આવે છે જેનાથી ત્વચાનું કેન્સર થવાનું જોખમ રહે છે.

પ્રાકૃતિક રંગ સામાન્ય રંગો અને રાસાયણિક રંગોથી થોડા મોંઘા હોય છે. અને સરળતાથી બજારમાં ઉપલબ્ધ નથી હોતા. પ્રાકૃતિક રંગોની બનાવટ ઘરે પણ કરી શકાય છે.

- હળદરમાં ચણાના લોટ અને ગલગોટાના ફૂલને પાણી સાથે મિક્સ કરી મિશ્રણને ઉકાળીને ગાળીને ભીનો રંગ તૈયાર થાય છે.
- હળદરમાં ચણાનો લોટ અને મેંદો મિક્સ કરી સૂકો રંગ તૈયાર કરી શકાય છે.
- બીટના નાના ટુકડાને રાતભર પાણીમાં પલાળીને તે પાણી ગાળીને લાલ રંગ તૈયાર થાય છે.
- મહેંદીને સૂકવીને પીસીને પાણીમાં નાંખીને લીલો રંગ તૈયાર કરી શકાય છે
- લાલ ચંદનનો ઉપયોગ પણ કરી શકાય છે.

ગાંધીનગર, તા.૧૪

શહેરમાં હોળીના પાવન પર્વને માત્ર ગણતરીના જ દિવસો બાકી છે ત્યારે શહેરના બજારોમાં હોળી-ધૂળેટી પર્વની તમામ ચીજવસ્તુઓનું આગમન થઈ ચુકયું છે. જેમાં જેના વગર ધૂળેટી ઝાંખી પડી જાય છે તેવા મેઘધનુય રૂપી રંગબેરંગી ધૂળેટીના કલર, પિચકારી, બલૂન વિગેરેનું વેચાણ જોરશોરથી કરવામાં આવી રહ્યું છે. આકાશમાંથી ધરતી પર મેઘધનુષ્ય ઉગી નીકળ્યું હોય તેમ બજારોમાં સપ્તરંગી કલરની શૃંખલા જોવા મળી રહી છે.૧૦ રૂપિયાથી માંડી ૩૦૦ રૂ.માં આ તમામ ચીજવસ્તુઓ વેચવામાં આવી રહી છે. જો કે બાળકોની પીચકારીઓમાં વિવિધ વેરાયટીઓ હોવાથી તેના ભાવવધારે હોય છે. ધૂળેટીમાં સૌથી વધારે ઉત્સાહ નાના બાળકોમાં જોવા મળતો હોય છે. પિચકારી, ફુગ્ગા, વિવિધ રંગો નાના બાળકો માટે ખૂબ જ મજાની વસ્તુઓ છે.

ધૂળેટીનો તહેવાર એકબીજાને ગુલાલ લગાવવું અને રંગ છાંટવો, સામાજીક મેળ મિલાપ અને ભાઈચારાની એકતાનું પ્રતિક છે. રંગની પિચકારી અને ગુલાલથી રમવાની પ્રથા તે સંકેત આપે છે કે હવે ઠંડીની ઋતુ પૂર્ણ થઈ ગઈ છે અને ગરમીના દિવસો ચાલુ થઈ ગયા છે. તેથી હવે ગરમ પાણીથી નહાવાની કોઈ જ જરૂરત નથી અને હવે ઠંડા પાણીથી નહાવામાં કોઈ જ નુકસાન નથી.

વર્તમાન યુગમાં રાસાયણિક રંગોનો ઉપયોગ કરવામાં આવે છે જેનો ઉપયોગ બને તેટલો ટાળવો હિતાવહ છે. અબીલ, ગુલાલ અને બજારમાં મળતા કલર જેમાં કોઈ રસાયણ ન હોય તેવા કલરનો ઉપયોગ કરવો વધારે હિતાવહ છે. રંગોનો આ તહેવાર શીખવે છે કે જીવનમાં આવતા ગમતા ના ગમતા દરેક રંગને અપનાવી લેવા જોઈએ જેમાં ગયા વર્ષે એક નવો રંગ ઉમેરાયો કોરોનાનો જે સમય જતા ઝાંખો પડતો ગયો છે.

આજે આપણે ભારતમાં ઉજવાતી કેટલીક વિશિષ્ટ ધૂળેટીની પરંપરા વિશે જાણીએ.

**● બિકાનેરની ડોલચી હોળી**

૪૦૦ વર્ષ જૂની પરંપરા છે. ડોલચી હોળી એ બિકાનેરની આગવી ઓળખ છે. ચામડાના ખાસ પ્રકારના પાત્રને ડોલચી કહેવામાં આવે છે. આ ડોલચીમાં પાણી ભરીને પીઠ પર બાંધવામા આવે છે. મોકો જોઈને ખેલૈયાઓ પાણી ફેંકીને હોળી રમે છે. આ હોળી રાજસ્થાનમાં આવેલા બિકાનેરમાં થાય છે. આ હોળીને જોવા માટે હજારો માણસો ઉમટી પડે છે.

**● ગોવામાં ઉજવાતો શિમગોત્સવ**

કોંકણી ભાષામાં હોળીને શિમંગો કહેવામાં આવે છે. ગોવાના મૂળ નિવાસીઓ શિમગોત્સવને ધામધૂમથી મનાવે છે. આ તહેવાર વન વગડામાં ખિલેલી વસંતનું સ્વાગત કરવા માટે ઉજવાય છે. એ દિવસે તૈયાર કરવામાં આવતી પરંપરાગત વાનગીઓ અને મીઠાઈને શગોટી કહે છે. શિમગોત્સવ નિમિત્તે પણજીમાં એક વિશાળકાય સરઘસ નિકળે છે જે પોતાના ગંતવ્ય સ્થાને પહોંચીને એક સભાના રુપમાં ફેરવાઈ જાય છે. આ સભા સ્થળે સાંસ્કૃતિક કાર્યક્રમો અને ગીત સંગીત અને નાટકોનું આયોજન થાય છે. નાટકોના વિષયો સાહિત્યીક, સાંસ્કૃતિક અને પૌરાણિક વિષયો પર આધારિત હોય છે. ગોવાના શિમોત્સવમાં દરેક જાતિ અને ધર્મના લોકો ભાગ લે છે.

**● મહારાષ્ટ્રની હોળી એટલે રંગપંચમી**

મહારાષ્ટ્માં હોળીને રંગપંચમી તરીકે પણ સંબોધવામાં આવે છે. આ પર્વ નિમિત્તે ઠેર ઠેર દહીં ભરેલી મટકી બાંધીને ફોડવાનો મહિમા છે. મટકી ફોડ યુવાનોની ટોળી ઠેર ઠેર ફરતી જોવા મળે છે. ઉંચી ઈમારતો પર બાંધવામાં આવતી મટકી ફોડવાનો પડકાર પણ યુવાનો ઝીલી લે છે. એ સમયે ગોવિંદા આલા રે ..ગીત ગુંજી ઉઠે છે. મટકી ફોડી રહેલા ગોવિંદાઓ પર મહિલાઓ રંગબેરંગી પાણી છાંટે છે. સાગરકાંઠાના સાગરખેડૂઓ માટે હોળીનો તહેવાર નાચગાનનો મહાપર્વ છે. રંગ પંચમીના દિવસે છોકરા-છોકરીઓના લગ્ન નકકી કરવામાં આવે છે. આ દિવસે પુરણપોળી નામની સ્વાદિષ્ટ વાનગી ખાવાનો વિશેષ મહિમા છે.

**● અલ્હાબાદની કપડા ફાડ હોળી**

આમ તો હોળી રમતા ખેલૈયાઓની ઝપા ઝપીમાં કયારેક કપડા પણ ફાટી જતા હોય છે પરંતુ અલ્હાબાદમાં રમાતી હોળીને તો કપડાફાડ હોળીનું બિરુંદ પણ મળ્યું છે. સંગમ નગરી તરીકે ઓળખાતા અલ્હાબાદમાં લોકો રસ્તા પર આવીને કલાકો સુધી હોળી રમતા રહે છે. આ હોળીની વિશેષતા એ છે કે ખેલૈયાઓ એક બીજાના શરીર પરનું ઉપરનું જબરદસ્તીથી ઉતરાવે છે, જે એમ ના કરે તેનું શર્ટ કે ખમીસ ફાડી નાખવામાં આવે છે. આથી આ હોળીને કપડા ફાડ હોળી કહેવામાં આવે છે. અહીંયા સળંગ ત્રણ દિવસ સુધી હોળી મનાવવામાં આવે છે. લોકલ બજાર અને હાટ પણ હોળીના રંગે રંગાઈ જાય છે.

## મિતેષ પાંડવ ક્રિએશન દ્વારા નાટક 'કાલીરાની'નું મંચન થયું



ગાંધીનગર, તા.૧૪

મિતેષ પાંડવ ક્રિએશન દ્વારા નશામુકત ભારત અભિયાન અંતર્ગત નાટક 'કાલીરાની'નું મંચન કરવામાં આવ્યું હતું. આ નાટક દ્વારા સમજણ આપી હતી કે આ એ પ્રકારનો રાક્ષસ છે જેનાથી લોકો આકર્ષાય છે. નાટક દ્વારા નશા કરવા માટે માણસો કેવી રીતે પ્રેરાય છે અને નશાથી કેટલી મુશ્કેલીઓ આવી શકે છે તે આ અદભુત નાટક દ્વારા સહજતાથી ગમ્મત સાથે તમામને જાગ્રત કરવામાં આવ્યા હતા. એનસીડી ગાંધીનગરના ડૉ. ચિંતન ગોંડલિયા, ભાગ્યેશ પરમાર, ચિરાગ પરમાર અને સ્ટાફ તરફથી જણાવાયું હતું તાલીમ કાર્યક્રમોમાં આવી રીતે મનોરંજન સાથે વિષય વસ્તુને પ્રસ્તુત કરવામાં આવે તો તે વધારે અસરકારક હોય છે. નિર્માતા મિતેષ પાંડવ અને કલાકારો કરિશ્મા પાટડિયા, ધીરજ પુરાણી, ધ્રુવીકા કાચવાલા અંકિતા ગોહિલ, વિશાલ ઠાકોર, ગુલશન રાય મકવાણાને બિરદાવ્યા હતા.

## એસ.એસ.વી. શાળામાં મેગા એકસલ કાર્નિવલનું આયોજન





ગાંધીનગર, તા.૧૪

એસ.એસ.વી.શાળામાં તારીખ બે દિવસના મેગા એકસલ કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં દેશના અલગ અલગ રાજયો જેમ કે ગુજરાત, પંજાબ, વેસ્ટ બેગાંલ તેમજ તમિલનાડુ એમ ચાર દિશાના રાજયોના ઝોન બનાવ્યા હતાં. તે મુજબ તે રાજય પ્રમાણે તેના પહેરવેશ,ખોરાક ભાષા તેમજ લોકનૃત્ય બતાવી તે રાજયોની ઝાંખી કરાવી હતી. સાથે સાથે સાયન્સ ઝોન, મેથ્સ ઝોન, આર્ટ ઝોન, કોમર્સ ઝોન જેવા શૈક્ષણિક ઝોન પણ વિદ્યાર્થી દ્વારા તૈયાર કરવામાં આવ્યા હતા અને તેને અનુરૂપ મોડલ તેમજ ચાર્ટ તૈયાર કરવામાં આવ્યા હતાં. સાથે સાથે ડાન્સ, સોન્ગ, નાટક, ફૂડ કોર્ટ, સેલ્ફી ઝોનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં પુજાજી ઠાકોર, રાજેન્દ્રસિંહ, પ્રવિણસિંહ તેમજ શાળના સંચાલક સંજયભાઈ પટેલ, મનિષભાઈ પટેલ, શૈલેષભાઈ રાજગોર, વિજયભાઈ પટેલ, વકાસભાઈ અજમેરી, ગાંધીનગર વોર્ડના કોર્પોરેટર શૈલાબેન ત્રીવેદી, અલ્પાબેન પટેલ, વાહ સંસ્થાના પ્રેસીડેન્ટ પ્રફુલ્લભાઈ અમીન, સેક્રેટરી આનંદભાઈ પટેલ જેવા મહાનુભાવોએ હાજરી આપી હતી. ગુજરાતી ફિલ્મના ગાયક તેમજ એક્ટર વિક્રમ ઠાકોર જે શાળાની વિદ્યાર્થીનીના વાલી પણ છે તેમણે હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી.

## બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસ ખાતે રમતગમત સપ્તાહનું આયોજન

ગાંધીનગર, તા.૧૪

બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસમાં રમતગમત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કેમ્પસ અંદરની વિવિધ સંસ્થાઓમાંથી ૬૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ક્રિકેટ, વોલીબોલ, કબડ્ડી, ચેસ, શોટપુટ વગેરે જેવી ઘણી રમતો રમાઈ હતી. તમામ કાર્યક્રમોનું મુખ્ય સંકલન વિજય ચૌધરી અને ડો.વિશાલ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. વિજેતાઓને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સફળ પ્રસંગ નિમિત્તે સંસ્થાના ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા અને ડાયરેક્ટર પ્રો. રવિકુમારએ અભિનંદન પાઠવ્યા હતાં.






સરસ્વતી વિદ્યાલયમાં આજના અદ્યતન ટેકનોલોજીના સમયને ધ્યાનમાં રાખીને જીવનમાં ઉપયોગી થઈ શકે તેવી બેન્ક વિશેની માહિતી આપવામાં આવી હતી. જેમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના મેનેજર મહેશભાઈ પરમાર દ્વારા માહિતી આપવામાં આવી હતી. મહેશભાઈએ સરસ્વતી વિદ્યાલયના વદ્યાર્થીઓને હાલના યુગની પાકી જરૂરિયાતને સરળતાથી સમજાવી હતી.

## વાવોલ ખાતે ડાયરો યોજાયો



ગાંધીનગર, તા.૧૪

ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શૌર્યગીતો, દેશ ભકિતના ગીતો, લોકગીતોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ચંદ્રિકા ડાભી (લોક ગાયિકા), બટુક ઠાકોર (ફિલ્મી હાસ્ય કલાકાર) રાજુભાઈ શ્રીમાળી (લોકગાયક) મધુભાઈવાળા (લોકગાયક) ઓમપ્રકાશ પંડયા (ભજનીક), તબલાવાદક (કશ્યપ શ્રીમાળ), બેન્જો માસ્ટર (અશુરાજ કોલવડા), મંજીરાનો મણીગર (રમેશ રમકડું) ડાયરાના કલાકારો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ડે. મેયર પ્રેમલસિંહ ગોલ સહિત વાવોલ વોર્ડ નં.૭, વોર્ડ નં.૬ અને વોર્ડ નં.૧૧ના કોર્પોરેટર અને મહામંત્રી ઉપસ્થિત રહ્યા હતા.


## કલા મહાકુંભમાં માઉન્ટ કાર્મેલનો વિદ્યાર્થી ઝળકયો




ગાંધીનગર, તા.૧૪

કલા મહાકુંભની જિલ્લા કક્ષાની એકપાત્રિય સ્પર્ધામાં માઉન્ટ કાર્મેલ પ્રાઈમરી સ્કૂલ ગાંધીનગરનાં ધો. ૬ માં અભ્યાસ કરતા ગૌતમ હરેશભાઈ ગઢવીએ ભાગ લઈ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો.


## ગાંધીનગર શહેર વસાહત મંડળ દ્વારા હરિદ્વાર ખાતે અસ્થિ વિસર્જન



ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેર વસાહત મંડળ દ્વારા હરિદ્વાર ખાતે ૬૭૩ મૃતકનું અસ્થિ વિસર્જન કરવામાં આવ્યું હતું. જેમાં તારીખ ૬ ડિસેમ્બર ૨૦૨૧થી ૧૧ માર્ચ ૨૦૨૨ દરમિયાન મૃત્યુ પામેલા સ્વજનના અસ્થિનુ સંસ્થાના પ્રમુખ અરુણભાઈ બુચના માર્ગદર્શનમાં હરિદ્વાર ખાતે ૧૪ માર્ચે સંસ્થાના પ્રતિનિધિ શશીકાંત મોઢા તથા મુકેશભાઈ શુકલ દ્વારા વિસર્જન કરવામાં આવ્યું હતું.

## એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમમાં સીડ આર્ટની એકિટવિટી યોજાઈ





ગાંધીનગર, તા.૧૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ. કે.પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં સીડ આર્ટની એક્ટિવિટીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શિક્ષિકાઓએ બાળકોને ચાર્ટ પેપર પર ટ્રી, સ્ટાર ફિશ, આઈસક્રીમ કપ, સનફ્લાવર, બટરફ્લાઈ વગેરે ચાર્ટ પેપર પર દોરી ને તેમાં અલગ અલગ દાળ ને ચાર્ટ પેપર પર પેસ્ટીંગ કરી ને એક્ટિવિટીનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- સ્વ. ભાવસાર નરેન્દ્રભાઈ રમણલાલ, ઉ.વ. ૭૫, સેકટર-૨
- સ્વ. ઠાકોર ચંપાબેન ભીખાજી, ઉ.વ. ૫૪, મગોડી
- સ્વ. વાઘેલા સરોજબેન હરજીભાઈ, ઉ.વ. ૪૪, ડભોડા
- સ્વ. વાઘેલા શૈલેષકુમાર મોતીભાઈ, ઉ.વ. ૩૬, મહેસાણા

**● રૂદ્રભૂમિ ●**

- સ્વ. પટેલ લલીબેન પ્રભુદાસ, ઉ.વ. ૭૯, કોબા
- સ્વ. પરમાર શાંતાબેન રત્નાભાઈ, ઉ.વ. ૮૬, કુડાસણ
- સ્વ. પરમાર અશ્વિનભાઈ નરસિંહભાઈ, ઉ.વ. ૫૩, સેકટર-૧૩

## જન્મદિને વધામણી



મંગળદાસ કે પટેલ
મો. ૮૩૨૦૦ ૯૪૭૮૮



હસમુખલાલ નાયક



દિલીપ પ્રવિણચંદ્ર કુચારા



લીનાબેન મહેતા
મો. ૯૪૨૭૫ ૨૨૭૩૩



કલાવતીબેન ચતુરભાઈ સોલંકી
મો. ૯૯૯૮૬ ૯૦૫૬૫



નિકુંજ ભરતભાઈ જાની



પૃથિલ આર ગજ્જર
મો. ૮૪૬૯૯ ૫૮૭૧૭



રોહન ડી ગોહેલ
મો. ૬૩૫૧૮ ૦૭૮૨૮



શુભમસિંહ ભરતસિંહ વાઘેલા



નવ્યા હેમંત દવે
મો. ૯૯૯૮૭ ૨૨૩૪૪